જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૪/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૬૩૭/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૭/૦૪/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૩૪૫	૪	૧૧૩૪૯	૧૭૪૬૫	૪	૧૭૪૬૯
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૫	૦	૪૭૦૫	૬૨૨૮	૦	૬૨૨૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૫	૧	૭૬	૨૮૭	૦	૨૮૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૩૨૩૮૩	૨૬૮	૩૨૬૫૧	૩૩૭૭૨	૨૬૫	૩૪૦૩૭
કુલ		૪૮૫૦૮	૨૭૩	૪૮૭૮૧	૫૭૭૫૨	૨૬૯	૫૮૦૨૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૭	૮,૮૧,૧૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૩૩૧	૧૩,૩૧,૦૦૦/-

ખુન તથા લુંટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

શહેરકોટડા પોલીસ સ્ટેશન

અનડિટેક્ટ મર્ડરના તથા લુંટના ગુનાના આરોપીઓને મુદ્દામાલ સાથે પકડી પાડતો શહેરકોટડા પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

પોલીસ કમિશ્નર.શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા સંયુક્ત પોલીસ કમિ.શ્રી આર.વી.અસારી સાહેબશ્રીની સુચનાથી નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ મકરંદ ચૌહાણ સાહેબ તથા એ.સી.પી.શ્રી હીતેષ ધાંધલીયા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના સી.પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.જે.રાજપુત સાહેબ તથા સે.પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ડી.બી.ડાભી સાહેબ નાઓના સુચનાથી ગઈ અત્રેના શહેરકોટડા પોલીસ સ્ટેશન પાર્ટ-એ-ગુ.ર.નં.-૧૧૧૯૧૦૪૧૨૧૦૫૦૦/૨૦૨૧ ધી ઈ.પી.કો કલમ ૩૦૨ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબથી ગુનો દાખલ થયેલ જેમાં મરણજનાર રાજનારાયણ ઉર્ફે બચ્ચન સ/ઓફ રામબહાદુર કુશવાહા ઉ.વ.૨૩ રહે.હાલ-શ્રી રામદેવ ઇન્ડસ્ટ્રીઝ૨૩, બ્રાહ્મણની ચાલી, રઘુનાથ સ્કુલની સામે બાપુનગર અમદાવાદ શહેર મુળવતન ગામ-મીરામઉ થાના-ગુરુબક્સગંજ તા-લાલગંજ જી-રાયબરેલી ઉત્તરપ્રદેશ નાને કોઇપણ અજાણ્યા ઇસમે કોઇપણ કારણસર ગઇ તા.૦૪/૦૪/૨૦૨૧ ના સાંજના પાંચ વાગ્યાથી રાત્રીના પોણા બાર વાગ્યા દરમ્યાનમાં નરોડા રોડ રાજીવ ગાંધી ભવન સામે આવેલ સંતોષ મોટર બોડી નામના કારખાનાના દરવાજા આગળ તિક્ષ્ણ હથીયારના ઘા મારી મોત નિપજાવેલ જેથી શહેરકોટડા પોલીસ સ્ટેશનના સી.પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.જે.રાજપુત સાહેબ તથા સે.પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ડી.બી.ડાભી સાહેબ નાઓના સુચનાથી આરોપીઓની શોધખોળ કરવા સારૂ સર્વેલન્સ સ્કોડના ઈન્ચાર્જ આસી. પોલીસ સબ ઈન્સ. પ્રકાશભાઈ કીરણચન્દ્ર નાઓની આગેવાનીમાં સર્વેલન્સ સ્કોડની અલગ અલગ ટીમો બનાવી બનાવવાળી જગ્યાના આજુબાજુના સી.સી.ટી.વી કેમેરા ચેક કરાવી તેમજ ખાનગી બાતમીદારોની મદદ મેળવી ટેકનીકલ એનાલીસીસની મદદથી તેમજ અ.પો.કો વિષ્ણુપ્રસાદ ગોપાલભાઈ તથા અ.પો.કો સંદીપસિંહ જનકસિંહ નાઓની બાતમી હકીકત આધારે શહેરકોટડા પોલીસ સ્ટેશન પાર્ટ-એ-ગુ.ર.નં.-૧૧૧૯૧૦૪૧૨૧૦૫૦૦/૨૦૨૧ ધી ઈ.પી.કો કલમ ૩૦૨ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના કામના આરોપીઓ નામે (૧) કરણભાઇ ઉર્ફે જાડીયો ઉર્ફે ખલી રમેશભાઇ પટણી (પોપટાવાળા) ઉ.વ.૧૮ રહે.મ.નં.૦૯/૨૭૦, ઔડાના મકાન, ચામુંડા બ્રીજ પાસે, ચમનપુરા, અમદાવાદ શહેર તથા (૨) શૈલેષભાઇ ઉર્ફે શેરડી પ્રહલાદભાઇ પટણી (ઝાલાવાડા) ઉ.વ.૧૯ રહે.ગોકુલધામ ચાર માળીયાની બાજુમાં આવેલ કાચા છાપળામાં, સાબરમતી પોલીસ સ્ટેશનની સામે, સાબરમતી, અમદાવાદ શહેર તથા (૩) રાકેશ ઉર્ફે વિશાલ ઉર્ફે મીનાવાળો લક્ષ્મણભાઇ પટણી (મેતાળીયા) ઉ.વ.૨૦ રહે.કડીયાની ચાલી, સંતોષીમાંના મંદીરની પાછળ, અસારવા તળાવની સામે, અસારવા, અમદાવાદ શહેર તથા (૪) ચિરાગ ઉર્ફે ચિન્ટુ છગનભાઇ(ભુચુભાઇ) પટણી (હડુચાવાળા)

ઉ.વ.૧૮ રહે.કડીયાની ચાલી, સંતોષીમાંના મંદીરની પાછળ, અસારવા તળાવની સામે, અસારવા, અમદાવાદ શહેર નાઓને ગુનામાં ઉપયોગમાં લીધેલ ઓટો રીક્ષા નં.GJ-01-TB-2042 કિ.રૂ.૫૦,૦૦૦/- તથા ગુનામાં વાપરેલ હથીયાર ત્રિકોણાકારનુ લોખંડના પતરાનુ અણીદાર ચપ્પુ કિ.રૂ.૦૦/- તથા ત્રણ મોબાઈલ ફોન કિ.રૂ.૧૫,૫૦૦/- જે પૈકી વીવો કંપનીનો મોબાઇલ આરોપીઓએ કૃષ્ણનગર પો.સ્ટેની હદની ગાયત્રી સોસાયટી પાસેથી બનાવના દિવસે જ લુંટ કરી મેળવેલ છે તે મળી કુલ્લે કિ.રૂ.૬૫,૫૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી સદરી આરોપીઓ પાસેથી મળી આવેલ વીવો કંપનીના મોબાઈલ ફોન બાબતે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ-એ-ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૧૦૩૫/૨૦૨૧ ધી ઈ.પી.કો કલમ ૩૯૨, ૧૧૪ મુજબથી ગુનો દાખલ થયેલ હોય જેથી શહેરકોટડા પો.સ્ટે ખાતે દાખલ થયેલ મર્ડર તેમજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે થયેલ લુંટના અનડિટેક્ટ ગુન્હાઓને ડિટેક્ટ કરી આરોપીઓ વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહિ કરવામાં આવેલ છે. તા.૦૭/૦૪/૨૦૨૧

કામગીરી કરનાર પોલીસ અધિકારી/કર્મચારી

બાતમી મેળવનાર :-અ.પો.કો વિષ્ણુપ્રસાદ ગોપાલભાઈ બ.નં.૯૯૮૪ તથા અ.પો.કો સંદીપસિંહ જનકસિંહ બ.નં.૪૭૭૬ તથા સર્વેલન્સ સ્કોડના તમામ માણસો

સી.સી.ટી.વી કેમેરાના ફુટેજ મેળવી એનાલીસીસ કરનાર :

અ.લો.ર નીમેશકુમાર જયંતીભાઈ બ.નં.૬૦૩ તથા
અ.લો.ર સાગર રાકેશભાઈ બ.નં.૧૩૨૬

આરોપી પકડવામાં મદદ કરનાર:-

અ.મ.સ.ઈ પ્રકાશભાઈ કીરણચંદ્ર બ.નં.૧૩૫૧૪ તથા અ.મ.સ.ઇ રાકેશકુમાર ત્રિભોવનદાસ બ.નં.૪૪૯૩ તથા અ.હે.કો બટુકસિંહ કાભઈભાઈ બ.નં.૩૦૪૪ તથા અ.હે.કો. રણજીતસિંહ રામસિંહ બ.નં.૭૫૨૦ તથા અ.પો.કો. હસમુખ નાનજીભાઇ બ.નં.૩૯૫૯ તથા અ.પો.કો ભરતકુમાર બાલાશંકર બ.નં.૫૭૪૯ તથા અ.પો.કો. મહેન્દ્રકુમાર વશરામભાઇ બ.નં.૧૦૨૧૦ તથા અ.પો.કો નીતીન પાનાચંદ બ.નં.૯૯૭૧ તથા અ.પો.કો હરેશભાઈ મેરાભાઈ બ.નં.૧૦૩૭૭ અ.પો.કો ભુપેંદ્રસિંહ અરવિંદસિંહ બ.નં.૬૬૪૪ તથા અ.લો.ર પરેશ વાલજીભાઇ બ.નં.૧૨૪૨૧ તથા અ.લો.ર પિયુષસિંહ જીતેન્દ્રસિંહ બ.નં.૧૨૪૯૧ તથા અ.લો.ર ભાવેશ માવજીભાઈ બ.નં.૧૦૧૫



પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન

પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઇટ પેટ્રોલીગ દરમ્યાન ભારતીય બનાવટના ઇંગ્લીશ દારૂની ૫૧ બોટલ કિંમત રૂ. કિ.રૂ.૨૫,૫૦૦/- તથા ઇનોવા ગાડી સાથે કુલ્લે રૂપીયા-૫,૨૫,૫૦૦/- મુદામાલ પકડી પ્રોહી.નો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી – નરોડા સર્વેલંન્સ સ્કવોડ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી “જી” ડીવીઝન નાઓની સુચના આધારે આગામી સ્થાનીક સ્વરાજ ની ચુટણી અનુશંધાને પ્રોહીબીશનની બદીને નેસ્તનાબુત કરવા સારૂ નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી “પી.બી.ખાંભલા” નાઓના માર્ગદર્શન મુજબ સર્વેલંન્સ ના પો.સબ.ઇન્સ. એ.એમ.પટેલ તથા સાથેના માણસો પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કોન્સ પ્રકાશભાઇ ભીખાભાઇ તથા એલ.આર વિક્રમ પ્રેમસિંહ નાઓની સંયુક્ત બાતમી આધારે નાના ચિલોડા સર્કલ જુના કાકાભાજીપાઉથી થોડી આગળ આવેલ રોડ પર જાહેરમાં પાર્ક કરેલ એક ઇનોવા ગાડી નં- જીજે-૨૧-બીસી-૧૦૮૮ માંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ ની બોટલો ભરેલ છે જે હકિક્કત આધારે સદર જગ્યાએ જઇ તપાસ કરતાં સદર ઇનોવા ગાડીમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ બોટલ નંગ-૫૧ કિ,રૂ.૨૫,૫૦૦/- તથા ઇનોવા ગાડી નં- જીજે-૨૧-બીસી-૧૦૮૮ જેની કિ.રૂ.૫,૦૦,૦૦૦/- મળી કુલ્લે રૂ.૫,૨૫,૫૦૦/- નો મુદ્દામાલ કબજે કરી સદર ગાડીના ચાલક જેનુ નામઠામ નથી તેના વિરૂધ્ધ તા.૦૭/૦૪/૨૦૨૧ ના કલાક ૦૧/૩૦ વાગે ધી પ્રોહી. એક્ટ કલમ ૬૬(૧)(બી) ૬૫એઇ, ૧૧૬(બી),૯૮(૨) મુજબનો ગુન્હો નોધી પ્રોહીબીશનનો ગણનાપાત્ર ગુનો શોધી કાઢી સારી કામગીરી કરેલ છે. તા.૦૭/૦૪/૨૦૨૧.

આરોપીનુ નામ ઇનોવા ગાડી નં- જીજે-૨૧-બીસી-૧૦૮૮ નો ચાલક જેનુ નામઠામ મળી આવેલ નથી તે.

મુદ્દામાલ

ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ નંગ-૫૧ કિ રૂ ૨૫,૫૦૦/- તથા ઇનોવા ગાડી નં- જીજે-૨૧-બી.સી.-૧૦૮૮ કિ રૂ ૫,૨૫,૫૦૦/- મળી કુલ્લે રૂ ૫,૨૫,૫૦૦/- નો મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વે.સ્વોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ બ.નં-૮૦૩૨ તથા પો.કોન્સ પંકેશભાઇ ધનાભાઇ બ.નં. ૪૦૫૬ પો.કો.પીયુષ નટવરલાલ બ.નં.૧૦૧૭૬ તથા પો.કો. વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા પ્રદીપકુમાર રામાભાઇ બ.નં.૧૦૩૬૧ તથા પો.કો.પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા એલ.આર.પ્રવિણભાઇ વાઘાભાઇ બ.નં.૫૧૬ તથા એલ.આર. તથા એલ.આર.ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૧૨૩૨ તથા એલ.આર. મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં.૧૪૬૭ તથા એલ.આર.વિક્રમ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨ તથા એ.આર.અભિષેક અશ્વિનકુમાર બ.નં.૭૦૦૫.





પાસા અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

ધરફોડ જેવા મિલકત સબંધિત ગુના આચરી ગુનાહિત અસામાજીક પ્રવૃતિ આચરતા ઇસમને પાસા અટકાયત હેઠળ રાજકોટ જેલ મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તેમજ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેરનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર વિસ્તારમાં મિલકત સબંધિત ગુનાઓની પ્રવૃતિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય.

જેથી એસ.એ.ગોહિલ પોલીસ ઇન્સપેકટર નારોલ પોલીસ સ્ટેશન નાઓએ પોલીસ સ્ટેશન પર્સનલ ઓફીસ સ્ટાફના માણસોને મિલકત સબંધિત ગુનાઓ વારંવાર આચરતા ઇસમોની માહિતી એકઠી કરવા જણાવેલ હોય જે અનુસંધાને અમદાવાદ શહેર ના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનાઓની માહિતી એકઠી કરેલ જેમાં (૧) નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ.A.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૦૦૯૬૭/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબ તથા (૨) નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ.A.ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૦૧૦૦૨/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ મુજબ (૩) નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ.A.ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૦૧૦૮૭/ ૨૦૨ ધી ઇ.પી.કો.કલમ ૪૫૪,૪૫૭, ૩૮૦,૧૧૪ મુજબના ગુનાઓના કામના આરોપી કલ્પેશભાઈ ઉર્ફે કલ્પો સોમાભાઈ ઉર્ફે સુમલાભાઈ બારીયા ઉ.વ.૨૯ ધંધો.મજુરીકામ રહે.ભુતવડ ફળીયુ વજેલાવ ગામ પો.સ્ટ.જેશાવાડા તા.ગરબાડા જી.દાહોદ નાઓની મિલકત સબંધિત અસામાજીક પ્રવૃત્તિ સબબ તેમના વિરૂદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓને મોકલી આપતા ઉપરોક્ત આરોપી વિરૂદ્ધ પીસીબી શાખાના પાસા ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૩૧૦/૨૦૨૧ તા.૦૭/૦૪/૨૦૨૧ ના રોજ પાસા અટકાયતી નો હુકમ કરતા સદરી આરોપીને તાત્કાલિક પકડી પાડી તેમના પાસા હુકમની તા. ૦૮/૦૪/૨૦૨૧ ના રોજ બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે રાજકોટ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરેલ છે.

કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :-

એસ.એ.ગોહિલ પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

અ.હે.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦ તથા અ.પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪ તથા અ.પો.કો. રામનરેશ રામદાસ બ.નં. ૫૩૪૪ તથા અ.લો.૨ મુકેશભાઇ બાલુભાઇ બ.નં. ૧૨૧૭૧



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૩૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૧૪૯ લીટર દેશી દારૂ, ૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૭૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૩૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૬૪૦/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ ચિરાગ સુધીરચન્દ્ર શાહ (ઉ.વ.૪૮) (રહે. એલ્ટીયસ-૧ ઝાયડસ હોસ્પીટલ પાછળ ઝાયડસ હોસ્પીટલ રોડ થલતેજ) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૪/૨૦૨૧ સવારના ૧૦/૩૦ થી બપોરના ૧/૩૦ વાગ્યા દરમ્યાન વાગ્યા દરમ્યાન મોબાઈલ નંબર ૮૯૭૭૧૮૭૮૧૬ ના ધારકે ચિરાગ શાહને ફોન કરી મહારાષ્ટ્રથી ઈન્સ્પેકટર વાત કરતા હોવાની ઓળખ આપી જણાવેલ કે તમે જે વ્યક્તિને દાંતની સારવાર માટે દવા આપી હતી તે દર્દીનુ મરણ થયેલ છે અને તેના વારસદાર ફરીયાદ નોધાવવાની વાત કરે છે તો હુ દર્દીના વારસદારને સમજાવુ છું, તમે દર્દીના વારસદારના ખાતામાં રૂપિયા ૧,૦૦,૦૦૦/- જમા કરાવો તેમ કહેતા ચિરાગ શાહ ડૉકટરનો વ્યવસાય કરતા હોય ચિરાગ શાહે જેઓએ આપેલ ખાતામાં રૂપિયા ૧,૦૦,૦૦૦/- ટ્રાંસફર કર્યા હતા. ત્યારબાદ ફરી ફોન કરી ૧,૨૦,૦૦૦/- માંગણી કરતા ચિરાગ શાહને પોતે છેતરાયા હોવાનુ માલુમ પડયુ હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૬૪૧/૨૦૨૧**

સરખેજઃ નાસીરભાઈ સલીમભાઈ મેમણ (રહે. અજબા રેસીડેન્સી તૈયબા રેસીડેન્સીની બાજુમાં ફતેવાડી સરખેજ) એ તા.૦૭/૦૪/૨૦૨૧ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૪/૨૦૨૧ સવારના ૫/૦૦ થી તા.૦૫/૦૪/૨૦૨૧ કલાક ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના સંડાસ-બાથરૂમની બારીની લોખંડની જાળી તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૧,૦૦૦/ મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૬૪૨/૨૦૨૧**

વટવા જીઆઈડીસીઃ ચિંતનભાઇ મનવંતરાય પંચાલ (રહે.દેવ કેસ્ટલ જયમાલા રોડ ઇસનપુર) એ વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૪/૨૦૨૧ બપોરના ૧૨/૦૦ થી ૧/૦૦ વાગ્યા દરમ્યાન જીઆઇડીસી વટવા વિઝોલ રોડ રામવાડી કાંટા સામે એમ.બી.સી.એંજીનિયરીંગ નામની કંપની નજીક પાર્ક કરેલ પોતાની ગાડીના દરવાજાનો કાચ તોડી ગાડીમાંથી રોકડ રૂપિયા ૩,૬૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી.એમ.રાઠોડ ચલાવે છે.

માધવપુરાઃ ચમનભાઈ રામસિંગભાઈ પટણી (રહે.સોનારિયા બ્લોક સામે દિનદયાળનગરનાં છાપરાં રખિયાલ વોર્ડ રખિયાલ) તા.૦૭/૦૪/૨૦૨૧ કલાક ૧૧/૧૫ થી ૧૧/૩૦ વાગ્યાના સુમારે કાલુપુર સર્કલથી શટલ ઓટો રિક્ષામાં બેસી માધવપુરા માર્કેટ જવા માટે બેઠા હતા. રિક્ષા દરીયાપુર દરવાજા નજીક આવતા રિક્ષા દેલ્હી દરવાજા તરફ લઈ જતા ચમનભાઈએ રિક્ષા ચાલકને પુછતા તેને જણાવેલ કે મારે આગળ મુસાફર લેવાના છે તમે અહી ઉતરી જાઉ તેમ કહી ચમનભાઈને રિક્ષામાંથી ઉતારી દીધા હતા. ચમનભાઈ રિક્ષામાંથી ઉતરી ખીસામાં જોતા પેન્ટના ખિસામાં રૂપિયા ૪૫,૦૦૦/- જણાવેલ નહી, જે પૈસા રિક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેઠેલ અન્ય બે પુરૂષોએ નજર ચુકવી ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ ચમનભાઈએ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

ઓઢવઃ રાધેશ્યામ સીયારામ રાજપુત (રહે. લખનવ જલેબી વાળીનાથ ટ્રેડર્સ સામે મહાકાળીનગર રોડ માતૃછાયા સ્કુલ સામે ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૪/૨૦૨૧ સાજના ૬/૦૦ વાગ્યાના સુમારે લખનવ જલેબીની દુકાનમાં ખીલીએ લટકાવેલ બેગ બે પુરૂષ ચોરી કરી લઈ ગયા હતા. જે બેગમાં રોકડ રૂપિયા ૭૫,૦૦૦/- હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ઝાલા ચલાવે છે.

સોનાની ચઈન ખેચી તોડી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૬૪૩/૨૦૨૧**

વાસણાઃ પુનમબહેન વિજયસિહ વાઘેલા (ઉ.વ.૫૬) (રહે. સદાનંદ સોસાયટી ટ્રેલીફોન એક્ષચેંજ પાછળ વાસણા) તા.૦૭/૦૪/૨૦૨૧ કલાક ૬/૧૫ વાગ્યાના સુમારે વાસણા મ્યુ.બગીચાની સામે આવેલ ઉત્તમનગર સોસાયટીના ઝાપા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ પુનમબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૫૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પુનમબહેન વાઘેલાએ વાસણા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.બી.પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૬૪૪/૨૦૨૧**

ચાંદખેડાઃ જયરામભાઇ માણેકભાઇ દેસાઇ (ઉ.વ.૫૦) (રહે. ગાયત્રી મંદિરની બાજુમાં ગાયત્રીનગર ગુ.હા.બોર્ડ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૪/૨૦૨૧ સાજના ૫/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ જયંતીભાઇ ચલાવે છે.

સાબરમતીઃ નિસર્ગ કરશનભાઇ ઠાકોર (ઉ.વ.૪૧) (રહે. ૩૦૬,૩૦૭ રેસીડેન્સી ત્રાગડ રોડ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૪/૨૦૨૧ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બળવંતભાઇ પોપટભાઇ ચલાવે છે.

એરપોર્ટઃ ગોપાલભાઇ રામજીભાઇ કોળી (ઉ.વ.૪૪) (રહે. રમેશદત્ત કોલોની ભીલવાસ સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૪/૨૦૨૧ કલાક ૦૦/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ચંદુભાઇ નાનજીભાઇ ચલાવે છે.

અમરાઈવાડીઃ ચાંદનીબહેન વા/ઓ પ્રશાંત રાજપુત (ઉ.વ.૩૦) (રહે.ગેલાભાઇ મોહનભાઇની ચાલી ગુલાબનગર અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૪/૨૦૨૧ સવારના ૮/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે લાકડાની વળી સાથે સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જી.બાવા ચલાવે છે.

વટવાઃ જયરામ ઉર્ફે પપ્પુ ઉર્ફે હરીઓ સ/ઓ જગદીશભાઇ દેવીપુજક (ઉ.વ.૨૪) (રહે. બ્લોક નં.૩૦/૯૫૫ ઇન્સાનીયતનગર ચાર માળીયા વટવા) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૪/૨૦૨૧ સાજના ૬/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રમેશભાઇ ગીંબાભાઇ ચલાવે છે.

નારોલઃ રમેશભાઇ નાથાભાઇ પરમાર (ઉ.વ.૬૦) (રહે.પટેલવાસ નારોલ ગામ નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૪/૨૦૨૧ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મોહનસિહ સવસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી